# સુરત એરપોર્ટ પર ઇનલાઇન પેસેન્જર બેગેજ સ્ક્રીનિંગ શરૂ

**ઝડપી** બેગેજ ક્લિયરન્સ માટે આ ઉપયોગી સુવિધા છે



સુરત : સુરત એરપોર્ટ પર આજથી ઇનલાઇન પેસેન્જર બેગેજ સ્ક્રિનિંગ શરૂ થયું છે. ઇનલાઇન બેગેજ સ્ક્રિનિંગ સિસ્ટમ એ એરપોર્ટની બેગેજ હેન્ડલિંગ સિસ્ટમ (BHS) સાથે સંકલિત એક સ્વચાલિત પ્રક્રિયા છે જે સુરક્ષા માટે ચેક કરેલા બેગેજનું સ્ક્રિનિંગ કરે છે. ઝડપી બેગેજ ક્લિયરન્સ માટે તે ખૂબ જ ઉપયોગી સુવિધા છે. ગુજરાતનું સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ (STV) તાજેતરમાં ઝડપથી વિકસી રહ્યું છે. તે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સનું સંચાલન કરે છે, જેમાં દુબઈ, શારજાહ અને બેંગકોક જેવા સ્થળોની ફ્લાઇટ્સનો સમાવેશ થાય છે. એરપોર્ટ પીક અવર્સ દરમિયાન 1,800 મુસાફરો (1,200 સ્થાનિક અને 600 આંતરરાષ્ટ્રીય) ને હેન્ડલ કરવાની ક્ષમતા ધરાવે છે, જેમાં વધારાના 3,000 મુસાફરોની જોગવાઈ છે.

આંતરરાષ્ટ્રીય દરજ્જો મેળવ્યા પછી, તે શહેરની આર્થિક પ્રવૃત્તિઓ, ખાસ કરીને હીરા અને કાપડ ઉદ્યોગો માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર બની ગયું છે. મુસાફરોની અવરજવરની વિગતો તાજેતરના વર્ષોમાં સુરત એરપોર્ટ પર મુસાફરોની અવરજવરમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ (એપ્રિલ ૨૦૨૪ થી માર્ચ ૨૦૨૫) માં કુલ મુસાફરોની અવરજવર ૧૭,૨૪,૮૨૧ હતી, જે પાછલા વર્ષ કરતા ૨૪.૯% નો વધારો દર્શાવે છે. આ એક સર્વકાલીન ઉચ્ચ સ્તર છે, આ આંકડો ચાલુ નાણાકીય વર્ષ 2025/26 માં સર્વાધિક રહેવાની શક્યતા છે. સ્થાનિક મુસાફરોની અવરજવર નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં મોટાભાગના મુસાફરો ડોમેસ્ટિક હતા,

સ્થાનિક મુસાફરો કુલ મુસાફરોનો મોટો હિસ્સો (આશરે 90%) હોવાનો અંદાજ છે, જે દિલ્હી, હૈદરાબાદ, ગોવા, કોલકાતા, જયપુર અને બેંગલુરુ જેવા મુખ્ય ભારતીય શહેરો સાથે તેની કનેક્ટિવિટી દર્શાવે છે. આંતરરાષ્ટ્રીય મુસાફરોનો ટ્રાફિક હાલમાં વિકાસશીલ તબક્કામાં છે. મે 2025 માં આંતરરાષ્ટ્રીય મુસાફરોની સંખ્યા 18,790 હતી.

2024-25 નાણાકીય વર્ષમાં કુલ આંતરરાષ્ટ્રીય મુસાફરો 150,000 થી 200,000 ની વચ્ચે હોવાનો અંદાજ છે, મુખ્યત્વે મધ્ય પૂર્વના સ્થળોથી. એરપોર્ટના આંતરરાષ્ટ્રીય દરજ્જાને પગલે આ સંખ્યા વધી રહી છે, પરંતુ કુલ ટ્રાફિકનો એક નાનો ભાગ રહે છે. વૃદ્ધિ અને ભવિષ્યની સંભાવનાઓસુરત એરપોર્ટનો મુસાફરોનો ટ્રાફિક 2019-20 માં 15,15,557 થી વધીને 2024-25 માં 17,24,821 થવાનો અંદાજ છે.

ઇનલાઇન સ્ક્રિનિંગ જેવી નવી સુવિધાઓ ટ્રાફિકને વધુ વેગ આપશે અને એરપોર્ટને વધુ કાર્યક્ષમ બનાવશે.

### હવે એક્સ-રે સ્કેનિંગ માટે કતારમાં ઊભા રહેવાની જરૂર નહીં રહે

ઇનલાઇન બેગેજ સ્ક્રિનિંગ સિસ્ટમનું ઉદ્ઘાટન એએઆઈ કાર્ગો લોજિસ્ટિક્સ એન્ડ એલાઈડ સર્વિસેસ કંપની લિમિટેડ (AAICLAS) ના સીઇઓ અજય ભારદ્વાજના હસ્તે કરવામાં આવ્યું, જેમાં એરપોર્ટ ડિરેક્ટર, CISF અધિકારીઓ અને અન્ય સ્ટેક હોલ્ડર ઉપસ્થિત રહ્યા હતા. આ નવી ILBHS સુવિધા શરૂ થતાં હવે મુસાફરોને ચેક-ઈન પહેલા અલગથી એક્સ-રે સ્કેનિંગ માટે કતારમાં ઊભા રહેવાની જરૂર નહીં રહે. બેગેજની સુરક્ષા તપાસ હવે આપમેળે બેલ્ટ કન્વેયર સિસ્ટમ સાથે જ એકીકૃત રીતે થઈ જશે. આથી સમય અને પ્રક્રિયા બંનેમાં સરળતા આવશે.

### હવે પેસેન્જરોએ બે કલાક પહેલા એરપોર્ટ પર પહોંચવું પડશે

AAICLAS, જે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (AAI) ની 100% સહાયક સંસ્થા છે, તે હાલમાં 10થી વધુ AAI સંચાલિત અને કેટલાક PPP એરપોર્ટ્સમાં ILBHSની સેવા પૂરું પાડે છે – જેમાં ચેન્નાઇ, કોલકાતા, જયપુર, લખનૌ, શ્રીનગર, ગોવા, તિરુવનંતપુરમ, વારાણસી, અમદાવાદ અને કાલિકટ જેવા એરપોર્ટ્સનો સમાવેશ થાય છે.સુરત એ યાદીમાં નવું ઉમેરાયું છે. હવે સુરત એરપોર્ટ પર મુસાફરોને સમયસર પહોંચવાની ફરજિયાત જરૂર રહેશે. એરલાઇન કંપનીઓએ હવે ઉડાનના સમય પહેલાં એક કલાકે ચેક-ઈન કાઉન્ટર બંધ કરવાનો આદેશ જાહેર કર્યો છે, જેથી બેગેજ સ્ક્રીનિંગ માટે પૂરતો સમય મળી રહે. અત્યાર સુધી મુસાફરો 45 મિનિટ પહેલાં ચેક-ઈન કરી શકતા હતા, પરંતુ હવે તેમને ઉડાન પહેલાં ઓછામાં ઓછા બે કલાક પહેલાં એરપોર્ટ પર પહોંચવું જરૂરી રહેશે.

**સહેલાણીઓની સુરક્ષા કાગળ પર જ હોવાની સ્થિતિ**

# ડુમસ બીચ ઉપરથી 'ATV પોલીસ પેટ્રોલિંગ' ગુમ થયું!



**કમિશનર** અનુપમસિંહ ગહલૌતની પહેલને ડુમસ પોલીસે ધૂળધાણી કરી નાંખી

ડુમસ બીચ પર સહેલાણીઓની સુરક્ષા માટેનું "ATV પોલીસ પેટ્રોલિંગ" યોજના હવે માત્ર કાગળ પર જ બચી છે. પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે છ મહિના પહેલા આ પ્રોજેક્ટને શરુ કરીને ડુમસ બીચને સુરક્ષિત અને વ્યવસ્થિત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભર્યું હતું.પરંતુ તાજેતરના દિવાળી તહેવાર દરમિયાન હજારો લોકો બીચ પર ઉમટી પડ્યા ત્યારે સુરક્ષા માટે શરૂ કરાયેલી ATV બાઈક અને તેનું પેટ્રોલિંગ સ્ટાફ ક્યાંય જોવા મળ્યા ન હતાં.સહેલાણીઓએ આ બેદરકારી પર તીખી પ્રતિક્રિયા વ્યક્ત કરી છે.

ડુમસ બીચ જેવા રેતીયુક્ત વિસ્તારમાં સામાન્ય વાહનો ચલાવી શકાતા નથી, જેના કારણે પહેલાં પોલીસ સ્ટાફ પગપાળા પેટ્રોલિંગ કરતો હતો. પરંતુ તે મર્યાદિત વિસ્તાર સુધી જ શક્ય બનતું હતું. એ સ્થિતિને સુધારવા કમિશનરે બે આધુનિક ATV બાઈક ફાળવી હતી.આ પહેલના સમય પર પોલીસ તંત્રએ આને "હાઈટેક બીચ સુરક્ષા મોડલ" તરીકે પ્રચારિત કર્યું હતું. પરંતુ હકીકતમાં આજે સ્થિતિ એવી છે કે ATV બાઈક બીચ પરથી અદ્રશ્ય થઈ ગઈ છે. તહેવારોના દિવસોમાં પણ ન તો બાઈક જોવા મળી, ન તો કોઈ વિશેષ પેટ્રોલિંગ. સહેલાણીઓ ખુલ્લેઆમ નિયમોનો ભંગ કરતાં જોવા મળ્યા વાહન બીચ પર લઈ જતાં, કચરો ફેંકતાં અને જોખમી રીતે દરિયામાં પ્રવેશ કરતાં છતાં પોલીસનો અણસાર નહોતો.સ્થાનિક સૂત્રો મુજબ, ડુમસ પોલીસના સર્વેલન્સ સ્ટાફે છેલ્લા કેટલાક અઠવાડિયાથી ATV બાઈકનો ઉપયોગ કરવો જ બંધ કરી દીધો છે.એક અધિકારીએ નામ ન જણાવવાની શરતે કહ્યું કે "બાઈક મેન્ટેનન્સમાં છે"પરંતુ હકીકતમાં કોઈ ટેક્નિકલ ખામીનો રેકોર્ડ નથી. એટલે સ્પષ્ટ છે કે પોલીસ તંત્રની બેદરકારી અને બેફિકરીએ કમિશનરની પહેલને ધૂળ ચટાડી દીધી છે.સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતની પહેલનો મુખ્ય ઉદ્દેશ બીચ પર સહેલાણીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો હતો,પરંતુ ડુમસ પોલીસની નિષ્ક્રિયતા એ દર્શાવે છે કે નીચેના સ્તરે શિસ્તનો અભાવ છે. જો ઉચ્ચ અધિકારીઓની સૂચનાઓને પણ મેદાની સ્ટાફ અવગણે છે, તો એ શહેરની સુરક્ષા વ્યવસ્થાની ગંભીર ચેતવણી સમાન છે.ડુમસ બીચ પર સહેલાણીઓની ભીડ અને વાહનવ્યવહાર વધતા હાલની સ્થિતિ જોખમી બની છે. જરૂર છે કે પોલીસ તંત્ર તાત્કાલિક "ATV પેટ્રોલિંગ" ફરી શરૂ કરે અને બેદરકારી બતાવનાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરે નહિતર સુરક્ષાની આ યોજના માત્ર "શરૂઆતના ફોટા" સુધી જ મર્યાદિત રહી જશે.

## મોટા વરાછામાં બાંધકામ સાઈટના ત્રીજા માળેથી પટકાતા શ્રમિકનું મોત

સુરતઃ મોટા વરાછામાં નવા બંધાતા મકાનમાં ત્રીજા માળેથી પટકાયેલા શ્રમિક યુવકનું મોત નીપજ્યું હતું. મૂળ મધ્યપ્રદેશના અને હાલ કાપોદ્રા વિસ્તારમાં આવેલા ભરવાડ વાસમાં રહેતા 30 વર્ષીય દિનેશભાઈ દેવસિંગભાઈ તોમર હાલમાં મોટાવરાછા ડિ-માર્ટની સામે હરિકૃષ્ણ રેસિડેન્સી ખાતે નવા બંધાતા મકાનમાં મજૂરીકામ કરતાં હતા. આજે સવારે દિનેશભાઈ નવા બંધાતા મકાનમાં ત્રીજા માળે બહારની સાઈડ ટ્રોલી મારફતે ઈંટ ખેંચતા હતા. તે સમયે દિનેશભાઈએ શરીરનું બેલેન્સ ગુમાવતા નીચે પટકાયા હતા. જેથી ગંભીર ઈજાને પગલે તેમને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે વધુ આગળની તપાસ ઉત્રાણ પોલીસ કરી રહી છે.

## સુરતમાં 1 નવેમ્બરથી ડિજિટલ વસતી ગણતરી શરૂ થશે

**વોર્ડ** વિસ્તારમાં મોબાઇલ મારફતે ડિજિટલ હાઉસ મેપિંગની કામગીરી હાથ ધરાશે

સુરતઃ દેશભરમાં પ્રથમ વખત ડિજિટલ વસતી ગણતરી અમલમાં લાવવાનો નિર્ણય લેવામાં આવ્યા બાદ રાજ્ય સ્તરે તેની પ્રિ-ટેસ્ટ શરૂ થવા જઈ રહી છે, જેમાં સુરત શહેરના સિટી સર્વે વોર્ડ નં. 2 (સગરામપુરા) ને પસંદ કરવામાં આવ્યો છે. રાજ્યમાંથી કુલ ત્રણ વિસ્તારોની પસંદગી થઈ છે. દેવગઢ બારિયાના 26 ગામો, મોરબીના ટંકારાના 25 ગામો અને સુરતનો સગરામપુરા વોર્ડ, 1 નવેમ્બરથી આ પ્રિ-ટેસ્ટ શરૂ થશે અને 30 નવેમ્બર સુધી પૂરી થશે. સુરત મહાનગરપાલિકાના સેન્સસ વિભાગ અને કલેક્ટર કચેરીના મળીને 200 કર્મચારીઓને કામગીરીના ઓર્ડર આપવામાં આવ્યા છે. 1 થી 3 નવેમ્બર સુધી દિવાળીબાગ શાળામાં તમામ કર્મચારીઓને તાલીમ અપાશે અને ત્યારબાદ વોર્ડ વિસ્તારમાં મોબાઈલ મારફતે ડિજિટલ હાઉસ મેપીંગની કામગીરી હાથ ધરાશે. પ્રાયોગિક ધોરણે થનારી આ ડિજિટલ વસ્તી ગણતરીમાં પ્રત્યેક મકાનનું ડિજિટલ મેપિંગ, ઘર તથા વ્યક્તિઓની ગણતરી, વિજળી, પાણી, વોશરૂમ જેવી સુવિધાઓની ઉપલબ્ધતા સહિતની વિગતો મોબાઈલ એપ દ્વારા રિયલ ટાઈમ સિસ્ટમમાં અપલોડ કરાશે. સગરામપુરા વિસ્તાર સ્લમ એરિયા હેઠળ આવતો હોવાથી ગ્રાઉન્ડ રિયલિટી ચકાસવા માટે આદર્શ વિસ્તાર ગણાયો છે. ગત સપ્ટેમ્બર માસમાં રાજ્ય ચૂંટણી વિભાગના અધિકારીઓએ સ્થળ નિરીક્ષણ કર્યા બાદ 200 કર્મચારીઓની ટીમને આ કામગીરી માટે પસંદ કરી હતી. સુરતમાં થતી આ પ્રિ-ટેસ્ટના પરિણામના આધારે આવનારા વર્ષથી સમગ્ર દેશમાં સંપૂર્ણ ડિજિટલ વસતી ગણતરી અમલમાં આવશે.

### ડાંગર માટે વેરી વરસાદ ગલગોટા માટે આશીર્વાદરૂપ



હાલમાં પડી રહેલા કમોસમી વરસાદના કારણે શેરડી અને ડાંગરના પાકને વ્યાપક નુકસાન થયું છે પરંતુ ગલગોટા છોડ પર લહેરાઇ રહ્યાં છે. (તસવીર : હેમંત ડેરે)

## મેકઅપ આર્ટીસ્ટ ઉપર હેમુ પરદેશીનો હુમલો

**આરોપી** હેમુ પરદેશી રીઢો, પત્ની સુનિતા પણ વોન્ટેડ

સુરતઃ અડાજણ વિસ્તારમાં પાર્કિંગ જેવી નાની બાબતે થયેલા વિવાદે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું. જહાંગીરપુરા વિસ્તારમાં રહેતી મેકઅપ આર્ટીસ્ટ મહિલાની ઉપર કહાર પરિવારના ચાર સભ્યોએ હુમલો કરી લૂંટ ચલાવ્યાનો બનાવ સામે આવ્યો છે.અડાજણ પોલીસે ફરિયાદના આધારે ચારેય સામે ગુનો દાખલ કરી સુનીતા કહારને ઝડપી લીધી છે જ્યારે અન્ય ત્રણની શોધખોળ શરૂ કરી છે. જહાંગીરપુરા વૈષ્ણોદેવી રોડ પાર આવેલા સુડા સંસ્કૃતી આવાસમાં રહેતી ભારતીબેન ભાઈલાલભાઈ ગામીત મેકઅપ આર્ટીસ્ટ છે. 28 ઑક્ટોબર, 2025ના રોજ બપોરે આશરે 2:30થી 4:00 દરમિયાન તેઓ કામ અર્થે અડાજણના ભૂમિ કોમ્પ્લેક્સની બાજુમાં આવેલ કેદારનાથ એપાર્ટમેન્ટ પહોંચ્યા હતા. ત્યાં પાર્કિંગ બાબતે તેમની હેમંત કહાર, ભાર્ગવ કહાર, સુનીતા કહાર અને જાનવી કહાર સાથે બોલાચાલી થઈ હતી. દરમિયાન ભાર્ગવ અને હેમંતે તેમને મુક્કા માર્યા હતાં જ્યારે સુનીતા કહારે તેમના માથામાં પાવડો મારી દીધો હતો. ઝઘડાની વચ્ચે આરોપીઓએ ભારતીબેનનો iPhone 14 Pro Max (કિંમત રૂ. 20,000) છીનવી લીધો અને તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઘાયલ હાલતમાં ભારતીબેને અડાજણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. લુંટ કાંડમાં સંડોવાયેલા હેમંત ઉર્ફે હેમુ પરદેશી અડાજણ વિસ્તારનો બુટલેગર છે.અગાઉ તે મારામારી અને ખંડણી જેવા ગુનાઓમાં તેની સંડોવણી બહાર આવતા જેલની હવા ખાઈ ચૂક્યો છે.તેની પત્ની સુનિતા પણ દારૂના કેસમાં અડાજણ પોલીસ ચોપડે વોન્ટેડ છે.

**મોઢેશ્વર મહાદેવની પોળના રહીશની ફરિયાદના આધારે**

# જનેતા અને સગાભાઈઓ સામે ઠગાઈનો ગુનો નોંધાયો

**ખોટા** એફિડેવિટ અને પેઢીનામું બનાવી ભાઇનો હક ડુબાડવાનો પ્રયાસ

સુરતઃ શહેરના ગોપીપુરા વિસ્તારમાં પારિવારિક મિલકત હડપવા માટે ખોટા દસ્તાવેજો બનાવી છેતરપીંડી કરનાર સગા ભાઈઓ અને માતા સામે અઠવાલાઈન્સ પોલીસે ગુનો નોંધ્યો છે. નિવૃત્ત હરીશભાઈ ચંપકલાલ જરીવાલાની ફરિયાદના આધારે પોલીસે ખોટું પેઢીનામું બનાવી હિસ્સો ડુબાડવાના પ્રયાસમાં સામેલ પાંચ વ્યક્તિઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

ગોપીપુરા મેઈન રોડ પર રહેતા 63 વર્ષીય હરીશભાઈ ચંપકલાલ જરીવાલા નિવૃત્ત જીવન જીવી રહ્યા છે. તેમના પિતાના અવસાન બાદ પરિવારની માલિકીની મિલકત વોર્ડ નં. 8, રેવન્યુ સર્વે નં.244, ગોપીપુરા વિસ્તારની વારસદારો વચ્ચે વહેંચવાની પ્રક્રિયા ચાલી રહી હતી. આ દરમ્યાન, હરીશભાઈના સગા બે ભાઈઓ રાજેશ ચંપકલાલ જરીવાલા (ઉંમર 68) અને નરેશ ચંપકલાલ જરીવાલા (ઉંમર 60) તેમજ માતા સુશીલાબેન (ઉંમર 82) એ મળીને હરીશભાઈનો હકક ખોટી એફિડેવિટ તૈયાર કરીને અને ખોટું પેઢીનામું બનાવી તે સિટી સર્વે રેકર્ડમાં સબમિટ કર્યું હતું. આ દસ્તાવેજોમાં હરીશભાઈનું નામ પિતાના વારસદાર તરીકે દર્શાવ્યું ન હતું. વધુમાં, છબીલદાસ ભગવાનદાસ રાણા અને કનૈયાલાલ કાંતીલાલ રાણા જેઓ વર્ષોથી પરિવારને ઓળખતા હતા તેઓએ પણ હરીશભાઈની હાજરી વિના ખોટી જુબાની આપી હતી.

ફરિયાદના આધારે પોલીસે માતા સુશીલાબેન ચંપકલાલ જરીવાલા રહે, ગોપીપુરા મોઢેશ્વર મહાદેવની પોળ,ગોપીપુરા),બંને ભાઈઓ રાજેશ ચંપકલાલ જરીવાલા રહે,ગોપીપુરા,મોઢેશ્વર મહાદેવની પોળ, ગોપીપુરા અને નરેશ ચંપકલાલ જરીવાલા રહે, ગોપીપુરા મોઢેશ્વર મહાદેવની પોળ, ગોપીપુરા અને બે સહયોગીઓ છબીલદાસ ભગવાનદાસ રાણા ઉ.વ. ૭૬ રહે,ગોપીપુરા મોઢેશ્વર મહાદેવની પોળ, ગોપીપુરા) તથા કનૈયાલાલ કાંતીલાલ રાણા ઉ.વ.૬૭ રહે, લાલીમા સોસાયટી, જીવનજયોત સામે, ઉધના)સામે ઠગાઈનો ગુનો દાખલ કર્યો છે.

## પાંડેસરામાં પરિવારે વતન જવાની ના પાડતાં યુવતીએ ઝેર પીધું

સુરતઃ પાંડેસરામાં પરિવારે વતન જવાની ના પાડતા યુવતીએ ઝેર પીને આપઘાત કરી લીધો હતો.પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ પાંડેસરા સનાતન ડાયમંડ નગરમાં રહેતા શ્રમિક રામનિહોરસિંગની 28 વર્ષીય પુત્રી નીશુ દસેક દિવસ પહેલા દિવાળીના તહેવાર નિમિત્તે વતનથી સુરત પરિવાર પાસે આવી હતી. પરંતુ તેને અહીં સુરતમાં ગમતું ન હોવાથી પરત વતનમાં જવું હતું. જેથી પરિવારજનોએ હાલમાં ખૂબ જ ટ્રાફિક છે તું અહીંયા એક મહિનો રોકાય જા બાદમાં વતનમાં જતી રહેજે તેમ જણાવ્યું હતું. જે વાતનું માઠું લાગી આવતા નીશુએ ગઇકાલે ઝેર ગટગટાવી આપઘાત કરી લીધો હતો.

## જ્ઞાનજ્યોત શાળાના 33 વર્ષના શિક્ષકને હાર્ટ એટેક

**અચાનક** બેભાન થઇ ગયા બાદ બે વ્યક્તિનાં મોત

**શહેરમાં** હૃદયરોગના હુમલાથી મોતનો સિલસિલો યથાવત

સુરતઃ નાના વરાછા ખાતે રહેતા શિક્ષકનું અને ઉત્રાણમાં યુવકનું ઘરે બેભાન થઈ જતા મોત થયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના વતની અને હાલ કાપોદ્રા નાના વરાછા ખાતે આવેલ ગિરનાર સોસાયટીમાં રહેતા 33 વર્ષીય પ્રજ્ઞેશભાઈ માધાભાઈ ચૌહાણ ગોડાદરા વિસ્તારમાં આવેલ જ્ઞાનજ્યોત વિદ્યાલયમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા.

તેમની પત્ની ઘર નજીક આવેલ શાસ્ત્રી વિદ્યાલયમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. કાલે સવારે તેઓ ઘરે એકાએક બેભાન થઈ ગયા હતા. જેથી તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. પ્રજ્ઞેશભાઈનું હાર્ટ એટેકની મોત થયું હોવાની શક્યતા છે.

બીજા બનાવમાં, મૂળ બોટાદ જિલ્લાના વતની અને હાલ ઉત્રાણ વિસ્તારમાં આવેલ રામેશ્વર રેસીડેન્સીમાં રહેતા 39 વર્ષીય જયેશ ડુંગરભાઈ ચાંદપુરા મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. આજે સવારે જયેશભાઈ એકાએક ઘરે બેભાન થઈ ગયા હતા.

જેથી તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે વધુ તપાસ ઉત્રાણ પોલીસ કરી રહી છે.

**શહેરમાં 488 વિકાસ પરવાનગી મંજૂર**

# પેઈડ FSI પેટે પાલિકાને 600 કરોડથી વધુની આવક

**અઢી** માસમાં 240 પ્રોજેક્ટસને મંજૂરી, 175 પ્રોજેક્ટસના બીયુસી ઈશ્યુ

સુરતઃ શહેરના બાંધકામ ઉદ્યોગમાં કથિત મંદીની ચર્ચાઓ વચ્ચે નાણાકીય વર્ષમાં દિવાળી સુધી કુલ 488 વિકાસ પરવાનગીની ફાઈલોને મંજૂરી આપવામાં આવી છે. અઢી માસના સમયગાળા દરમિયાન જ 240 વિકાસ પરવાનગીની ફાઈલો મંજૂર થઈ છે, જ્યારે 175 પ્રોજેક્ટોને બિલ્ડિંગ યુઝ સર્ટિફિકેટ (બીયુસી) અપાયા છે. સાથે જ 595 પ્લોટ વેલિડેશન ફાઈલો પણ મંજૂર કરાઈ છે. જેના પરિણામે મનપાની તિજારીમાં પેઈડ એફએસઆઈ પેટે અંદાજે 600 કરોડ રૂપિયાની આવક નોંધાઈ છે. આ આંકડા એ સાબિત કરે છે કે શહેરમાં નવી ડેવલપમેન્ટ ફાઈલોની સંખ્યા અને નિકાલની ગતિ યથાવત રહી છે, જ્યારે કેટલાંક બિલ્ડર જૂથો દ્વારા 'ફાઈલો અટકાવવામાં આવે છે' એવી ફરિયાદો હકીકતમાં ખોટી સાબિત થઈ રહી છે. ગત બે વર્ષમાં મનપા કમિશનરે ટાઉન પ્લાનિંગ અને મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ વચ્ચેના સંકલનને મજબૂત બનાવતા, ફાઈલ નિકાલમાં થતો વિલંબ દૂર કરવા બંને વિભાગનો હવાલો એક જ અધિકારીને સોંપ્યો હતો. આ નિર્ણય બાદ સતત સકારાત્મક પરિણામો મળી રહ્યા છે. ગત નાણાકીય વર્ષમાં પણ ઝડપી મંજૂરી પ્રક્રિયાના કારણે પેઈડ એફએસઆઈની આવકમાં રેકોર્ડ નોંધાયો હતો, અને હવે વર્તમાન નાણાકીય વર્ષમાં પણ આવકનો આંક 600 કરોડને પાર કરી ગયો છે.

### વર્તમાન નાણાકીય વર્ષ (દિવાળી સુધી) દરમિયાન વિકાસ પરવાનગીની સ્થિતિ

| | |
|---|---|
| મંજૂર પ્લોટ વેલિડેશનની સંખ્યા- | 1319 |
| સૈદ્ધાંતિક મંજૂર પ્લાનોની સંખ્યા- | 488 |
| પેઇડ એફએસઆઇની જમા થયેલ રકમ- | 597 કરોડ |
| ઇ-નગર ઓનલાઇન મંજૂર પ્લાન- | 209 |
| ઓફલાઇન મંજૂર પ્લાનની સંખ્યા- | 162 |
| રજાચિઠ્ઠી આપવામાં આવેલ સંખ્યા- | 371 |
| બીયુસી આપવામાં આવેલ પ્રોજેક્ટો- | 175 |

## મેટ્રો પ્રોજેક્ટમાં સારોલી પાસે 800 ટનનો ગર્ડર લોન્ચ કરાયો

**હાલ** મજૂરાગેટ પાસે બે હેવી ડ્યૂટી ક્રેનની મદદથી 36 મીટર લાંબો ગર્ડર લોન્ચ કરાયો

સુરતઃ સુરત મેટ્રો પ્રોજેક્ટના કોરિડોર-1 (સરથાણા થી ડ્રીમ સિટી) રૂટ પર મજુરાગેટ સ્ટેશન પાસે નાનપુરા થી ઈનકમટેક્સ વિભાગ તરફના રૂટ પર મંગળવારની રાત્રે 36 મીટર લાંબો ગર્ડર સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો હતો. ગર્ડર લોન્ચિંગ માટે 500 ટન અને 800 ટન ક્ષમતા ધરાવતી બે હેવી ડ્યૂટી ક્રેનની મદદ લેવામાં આવી હતી. બુધવારે રાત્રે પણ આ જ રૂટ પર એક વધુ ગર્ડર લોન્ચ કરવાનો કાર્યક્રમ ગોઠવાયો છે. મેટ્રો પ્રોજેક્ટના વિવિધ વિભાગોમાં હાલ ગર્ડર લોન્ચિંગ અને ટ્રેક નાખવાની કામગીરી ઝડપી ગતિએ ચાલી રહી છે. થોડા દિવસો પહેલાં સારોલી નાળા પાસે પણ 800 ટન જેટલું વજન ધરાવતો ગર્ડર લોન્ચ કરવામાં આવ્યો હતો. કોરિડોર-1 અને કોરિડોર-2 બંને રૂટ પર સમકાલીન રીતે કામ આગળ વધી રહ્યું છે. કોરિડોર-1 માં હાલ અપલાઈન ટનલનું કામ પૂર્ણ થઈ ગયું છે જ્યારે ડાઉનલાઈન ટનલનું બાંધકામ ઝડપથી આગળ વધી રહ્યું છે. પ્રોજેક્ટની વિવિધ સાઈટ પર સ્ટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પિલર ફાઉન્ડેશન તથા ઈલેક્ટ્રિકલ સિસ્ટમની સ્થાપનાની પ્રક્રિયા પણ ચાલુ છે. અંદાજે 12,000 કરોડથી વધુના ખર્ચે તૈયાર થતો આ મેટ્રો પ્રોજેક્ટ સુરતના પરિવહન માળખામાં ક્રાંતિ લાવશે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ સરથાણા થી ડ્રીમ સિટી સુધીની મુસાફરી થોડા જ મિનિટોમાં શક્ય બનશે, જેના કારણે નાગરિકોને ઝડપી, આરામદાયક અને પર્યાવરણમૈત્રી મુસાફરીનો લાભ મળશે. અધિકારીઓના જણાવ્યા મુજબ કોરિડોર-1 નું બાંધકામ હાલના ગતિ સાથે ચાલે તો આવનારા મહિનાઓમાં મુખ્ય માળખાકીય કામ પૂરું થવાની પૂરી શક્યતા છે.

# 24 વર્ષથી ફાયર બ્રિગેડમાં ડ્રાઈવરની ભરતી થઈ નથી

**ફાયર** સ્ટેશન નવા બને છે પણ સ્ટાફ એટલોને એટલો જ

**1** ફાયર સ્ટેશનમાં ત્રણ શિફ્ટ માટે 12 ડ્રાઇવરની જરૂરિયાત સામે સ્ટાફ અડધો જ

સુરતઃ શહેરની વધતી વસ્તી અને વિસ્તરણને ધ્યાને રાખી સુરત મહાનગરપાલિકા એક તરફ નવા ફાયર સ્ટેશનો બનાવવામાં આવી રહ્યા છે. પરંતુ બીજી તરફ સ્ટાફની ગંભીર અછતને કારણે હાલની વ્યવસ્થા જ સંભાળવી મુશ્કેલ બની રહી છે. ખાસ કરીને ડ્રાઈવરોની ઘટને કારણે ફાયર વિભાગની કામગીરી અસરગ્રસ્ત બની છે. હાલ ફાયર વિભાગમાં મંજૂર થયેલા ડ્રાઈવરોની સંખ્યા સામે માત્ર આશરે 50 ટકા ડ્રાઈવરો જ કાર્યરત છે. ફાયર સર્વિસને ઈમરજન્સી વિભાગ તરીકે ગણવામાં આવે છે, છતાં અહીં સ્ટાફની ઘટ લાંબા સમયથી યથાવત છે.

તાજેતરમાં બે નવા ફાયર સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે અને ડિસેમ્બર સુધીમાં વધુ બે નવા સ્ટેશનો શરૂ થવાની શક્યતા છે, જેના કારણે સ્ટાફની ખેંચતાણ વધશે. સામાન્ય રીતે એક ફાયર સ્ટેશનમાં ત્રણ શિફ્ટ માટે ઓછામાં ઓછા 12 ડ્રાઈવરોની જરૂર રહે છે, પરંતુ હાલ અડધા સ્ટાફથી જ કામ ચલાવવામાં આવી રહ્યું છે.

એક તરફ શહેરની વધતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે નવા ફાયર સ્ટેશનો શરૂ કરવામાં આવી રહ્યા છે, જ્યારે બીજી તરફ સ્ટાફની અછતને કારણે કાર્યરત કર્મચારીઓ પર વધારાનો ભાર આવી રહ્યો છે. આશરે દોઢ વર્ષ પહેલા મહાનગરપાલિકાએ અલગ-અલગ ઝોનમાંથી 145 જેટલા ડ્રાઈવરોને ફાયર વિભાગમાં ટ્રાન્સફર કર્યા હતા, પરંતુ તે પૈકી માત્ર 55 જેટલા જ ડ્રાઈવરોએ ફરજ સંભાળી હતી. ત્યારબાદ કોઈ નવી ભરતી કે ટ્રાન્સફર કરવામાં આવ્યા નથી. નોંધનીય છે કે ફાયર વિભાગમાં ડ્રાઈવરોની છેલ્લી ભરતી વર્ષ 2001માં કરવામાં આવી હતી.

હાલ નવી નીતિ મુજબ મનપા સ્વતંત્ર ભરતી બહાર પાડે છે અને બાદમાં ડ્રાઈવરોને ટ્રાન્સફર દ્વારા ફાયર વિભાગમાં મોકલે છે. પરંતુ વર્ષોથી નવી ભરતી ન થતા હાલની સ્થિતિમાં વિભાગને ઈમરજન્સી સમયમાં પણ પૂરતી માનવશક્તિ ઉપલબ્ધ નથી, જેના કારણે કામગીરીની અસરકારકતા પર પ્રશ્નચિહ્ન ઊભું થયું છે.